*K-0108*

# K-0108

## Third Year B. A. Examination

September/October – 2012

## Gujarati : Paper - VI

(કમ્પ્યુટર પરિચય અથવા નિબંધ, ગદ્ય વિવરણ, કાવ્ય રસદર્શન, છંદ, અલંકાર)

Time : Hours] [Total Marks : 70

સૂચના :

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fillup strictly the details of ☛ signs on your answer book.

Name of the Examination :
☛ THIRD YEAR B. A.

Name of the Subject :
☛ GUJARATI : PAPER - 6

☛ Subject Code No. : 0 1 0 8 ☛ Section No. (1, 2,.....) : Nil

Seat No. :

Student's Signature

(૨) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

(૩) અક્ષરો અને જોડણી, મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવાશે.

(૪) કમ્પ્યુટરના પ્રશ્નોનો જવાબ આપનારે નિબંધના પ્રશ્નનો જવાબ આપવાનો નથી.

૧ 'આધુનિક યુગમાં કોમ્પ્યુટર એ અનિવાર્ય બન્યું છે.' તે સ્પષ્ટ કરી કોમ્પ્યુટરના વિવિધક્ષેત્રેના ઉપયોગોની સવિગત સમજૂતી આપો. ૧૪

**અથવા**

(૧) કોમ્પ્યુટરનાં વિવિધ પ્રકારો

(૨) સ્મૃતિસંચય

(૩) કોમ્પ્યુટરનો ગુજરાતી સાહિત્યમાં વિનિયોગથી થતો લાભ

(૪) સુપર કોમ્પ્યુટર.

**અથવા**

૧ નીચેનામાંથી કોઈ પણ એક વિશે નિબંધ લખો :

(૧) હું માનવી માનવ થાઉં તો ઘણું

(૨) વર્તમાનયુગમાં સાહિત્યશિક્ષણની અગત્યતા

(૩) આપણાં સામાજિક અનિષ્ટો

(૪) મારો પ્રિય સાહિત્યકાર

૨ ગમે તે **એક** ગદ્યખંડનું વિવરણ કરો. ૧૪

કવિતા એ 'આત્માની કલા હોઈ' આત્માની જેમ ચૈતન્યભરી હોવી જોઈએ પિંડમાં અને બ્રહ્માંડમાં અર્થાત વ્યક્તિમાં અને સૃષ્ટિમાં વ્યાપેલી હોવી જોઈએ. આત્મા જેમ બુદ્ધિમાં હૃદયમાં અને કૃતિમાં અને એ ત્રણેયથી પર પરમાત્મારૂપ સ્વરૂપનું સંધાનમાં અર્થાત્ ધાર્મિકતામાં વિરાજી રહેલો છે તેમ કવિતા-કવિતાની ઉત્તમોઉત્તમ ભાવના સિદ્ધ કરતી કવિતા પણ મનુષ્યમાં બુદ્ધિ અને અંતરાત્મા એટલે કે ધાર્મિકતાની જરૂરિયાતો સંતોષે એવી હોવી જોઈએ.

- આનંદશંકર ધ્રુવ

**અથવા**

૨ એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે તેમ વધુને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે ? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીને, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

- સ્વામી વિવેકાનંદ

૩ ગમે તે એક કાવ્યનું રસલક્ષી વિવરણ કરો. ૧૪

***આભાસી મૃત્યુનું ગીત***

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વ્હેલ શંગારો વીરા, શગને સંકોરો
 રે અજવાળા પહેરીને ઊભા શ્વાસ !
 મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા
ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ
 રે હણહણતી મેં સાંભળી સુવાસ !
 મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મને રોકે પંછાયો એક ચોકમાં
અડધાં બોલે ઝાલ્યો, અડધાં ઝાંઝરથી ઝાલ્યો
 મને વાગે સજીવી હળવાશ !
 મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

- રાવજી પટેલ

**અથવા**

### તને જોઈ જોઈ

તને જોઈ જોઈ તોય તું અજાણી
(જાણે) બીજને ઝરૂખડે ઝુકીંતી પૂર્ણિમા
ઝાઝેરો ઘૂમટો તાણી...

વ્યોમને વસુન્ધરાની કન્યા કોડામણી
તું તો છે સંધ્યાની શોભા સોહામણી
લોચને ભરાય તોય દૂર દૂર ધામની
વાયુની લ્હેર સમી અંગને અડી છતાંય
બાહુને બંધના સમાણી...

પોઢેલો મૃગ મારા મનનો મરુવને
જલની ઝકોર તારી જગવી ગૈ એહને,
સીમ સીમ રમતી તું ના'વતી જરી કને
સાબરનાં નીતરેલ નીર તું ભલે હો આજ
મારે તો ઝાંઝવાંનાં પાણી...

- રાજેન્દ્ર શાહ

૪ (અ) નીચેનામાંથી ગમે તે છંદની સમજૂતી આપો : ૧૪

(૧) શિખરિણી

(૨) મંદાક્રાન્તા

(૩) શાર્દૂલ વિક્રિડિત

(૪) ઝૂલણાં

(બ) નીચેની પંક્તિઓમાંથી કોઈ પણ બેના છંદ ઓળખી સમજાવો :

(૧) મારા જીવનની ગતિ અટપટી જાણે લખુંના લખું.

(૨) તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો.

(૩) દિશા સકળમાં ભમી ક્ષિતિજ હાથ તાળી દઈ.

(૪) શીયાળે શીતળ વા વાય, પાન ખરે ઘઉં પેદા થાય
પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ઘરે, ચાવે તંબોળ.

૫ (અ) ઉપમા, ઉત્પ્રેક્ષા, અતિશ્યોક્તિ અને વ્યાજસ્તુતિમાંથી કોઈ પણ બે અલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો. ૧૪

(બ) નીચેની પંક્તિઓમાંથી કોઈ પણ બેના અલંકાર ઓળખાવી સમજાવો :

(૧) નયન નમણાં ગ્રીવા ધોળી, લલાટ સુહામણું

(૨) હોડી જાણે આરબ ઘોડી

(૩) કૃષ્ણ કામદેવથી પણ સુંદર હતાં.

(૪) સંસાર સાગર ભર્યો વિષઅમૃતે આ.